# સાબરકાંઠા જીલ્લાની મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી ડી.જે. ચૌહાણ સમક્ષ, મુ.હિંમતનગર

**રેફરન્સ (એલ.સી.એચ.) નં.૧૪૨/૨૦૧૫**
**આંક :૧૯**

**પ્રથમ પક્ષકાર :** **ચેરમેન/ મેનેજરશ્રી**
ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.
સંઘ રોડ, હિંમતનગર
જી. સાબરકાંઠા

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** **રાઠોડ મહેન્દ્રસિંહ તેજસિંહ**
મું.પો. ટાકાટુંકા તા. ભિલોડા
જી. અરવલ્લી.

**હાજર રહયા :** **પ્રથમ પક્ષકાર તરફે** : વિ.વ.શ્રી પી.એફ ઝવેરી
**બીજા પક્ષકાર તરફે** : વિ.પ્ર.શ્રી કે.બી. રાવલ

**– : : એવોર્ડ : : –**

(૧) સદરરેફરન્સ મદદનીશ શ્રમઆયુકતની કચેરી હિંમતનગરના હુકમ ક્રમાંક નં.કે.એચ./ એસ.એમ.સી/એ.જે./આઈડીઆર/૧૭૯/૨૦૧૪ તા.૩/૩/૨૦૧૫ થી આ કામના બીજા પક્ષકારને તેમના છુટા કર્યા તારીખથી પડેલા દિવસોના પગાર સાથે તેમની નોકરીની મુળ જગ્યાએ સળંગ નોકરીથી નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ? તે મુદાના ન્યાય નિર્ણય અર્થે અત્રેની કોર્ટમાં મોકલવામાં આવેલ છે.

(૨) રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ બીજા પક્ષકારે આંક–૫ થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૫/૦૧/૨૦૧૧ના રોજથી કાયમી કામદાર તરીકે જોડાયેલા અને

સંસ્થાએ તેઓને તા. ૧૭/૧૧/૨૦૧૫ ના રોજ મૌખિક હુકમથી એકાએક છુટા કરી દીધેલ છે. તેઓ માસિક રૂા.૫,૨૭૦/–ના પગારથી પટાવાળાના હોદ્દા ઉપર છેલ્લા ૩ વર્ષ ૧૦ મહિનાથી કાયમી કામદાર તરીકે રોજના ૮–૦૦ કલાકથી વધુ, પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હતા. તેઓને સંસ્થા ધ્વારા કયારેય કામ બાબતે ઠપકો આપવામાં આવેલ નહિ અને તેમની ફરજો બાબતે કામગીરી અંગે કયારેય મતભેદ ઉપસ્થિત થવા પામેલો નહિ. તેઓનો નોકરીનો રેકર્ડ તદ્દન ચોખ્ખો કલીન અને ડાઘરહિત છે. તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થા અઠવાડિક રજા, જાહેર તહેવારની રજા અન્ય કોઈપણ જાતની રજાનો લાભ આપ્યા સિવાય મહિનાના પુરેપુરા દિવસ સળંગ અને સતત કામગીરી કરાવતી હતી અને વધારાના સમયનો કોઈ ઓવર ટાઈમ પગાર તેમને ચુકવવામાં આવેલો નથી. તેઓએ દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી બજાવેલી છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમનું જાણી જોઈને શોષણ કરી ગરીબી અને મજબુરીનો લાભ ઉઠાવી કોરા પગાર બિલો, કોરા કાગળો ઉપર અગાઉથી સહી કરાવી માસિક રૂા.૫,૨૭૦/– વેતન આપતા હતા. પ્રથમ પક્ષકારે તેઓને તેમના કોઈપણ જાતના વાંક ગુના વિના અને લેખિતમાં જાણ કર્યા સિવાય મૌખિક હુકમથી તા.૧૭/૧૧/૧૫ થી નોટિસ કે નોટિસ પગાર તેમજ બચાવની તક આપ્યા સિવાય આઈ.ડી. એકટની જોગવાઈ વિરુધ્ધ છુટા કરી દીધેલા છે. છુટા કર્યા પછી પણ તેઓ વારંવાર સંસ્થામાં નોકરી માટે જતા હતા અને પુન:સ્થાપિત કરવા માટે લેખિતમાં જાણ કરેલી પણ પ્રથમ પક્ષકારે હમણાં માણસોની જરૂર નથી, જરૂર પડયેથી મુળ જગ્યાએ પરત લઈ પુન:સ્થાપિત કરીશુ તેવુ આશ્વાસન આપેલ હતું. જેથી નાછુટકે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ તા.૧૦/૧૨/૧૪ ના રોજ પુન:સ્થાપિત થવા બાબતે ફરિયાદ તેમણે દાખલ કરેલી અને ત્યાં પણ પ્રથમ પક્ષકારનો સહકાર ન મળતાં સદર રેફરન્સ કરવામાં આવેલો છે. પ્રથમ પક્ષકારે તેઓને આઈ.ડી. એકટની કલમ–૨૫(એફ) અને ૨૫(જી) નો ભંગ કરી છુટા કરેલ હોઈ પ્રથમ પક્ષકારનું પગલું રદ કરી નોકરીની મુળ જગ્યાએ સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પૂરેપૂરા પગાર સાથે પુન:સ્થાપિત કરવા હુકમ કરવા જણાવેલુ છે.

(૩) પ્રથમ પક્ષકારે આંક–૭ થી લેખિત જવાબ રજુ કરી બીજા પક્ષકારના માંગણા નિવેદનની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, બીજા પક્ષકારને આવા પ્રકારનો વિવાદ ઉપસ્થિત કરવા માટે કોઈ કારણ ઉપસ્થિત

થયેલ નથી અને તેથી કોઝ ઓફ એકશનના અભાવે રેફરન્સ રદ થવા પાત્ર છે. બીજા પક્ષકારે છુટા કરવાની જે તારીખ જણાવેલ છે તે તારીખે પ્રથમ પક્ષકારે તેમને છુટા કરેલા ન હોઈ બીજા પક્ષકારે વિવાદનું કારણ જે તારીખે ઉપસ્થિત થયાની રજુઆત કરેલ છે તે તારીખે વિવાદનું કોઈ કારણ જ ઉપસ્થિત થયેલુ ન હોઈ વિવાદ રદ થવા પાત્ર છે. પ્રથમ પક્ષકાર સંઘ તે કો.ઓપરેટીવ સોસાયટી એકટ અન્વયે નોંધાયેલી મંડળી છે અને સંસ્થામાં કામ કરતા કામદારો/ કર્મચારીઓની નોકરીના ભરતીના નિયમો તથા બઢતીના નિયમો બનાવેલા છે જેને કાયદાનું સ્વરૂપ પ્રાપ્ત થયેલુ છે. બીજા પક્ષકારની ભરતી આ નિયમો વિરુધ્ધ જઈને સંસ્થાના સેટઅપ બહારની થયેલી હોઈ પહેલેથી જ એબઈનીશીયો વોઈડ હોઈ રેફરન્સ આ મુદ્દે રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારની પ્રથમ પક્ષકારે કાયદેસરની કાર્યવાહી કરી નોકરીમાંથી છટણી કરેલી છે અને છટણી કરતા સમયે બીજા પક્ષકારને છટણીનો હુકમ તથા કાયદેસરના મળવાપાત્ર રકમનો એક પણ મોકલી આપેલો છે. પ્રથમ પક્ષકાર સંસ્થાના મુખ્ય ઉદ્દેશોમાં બની શકે તેટલા ઉંચા ભાવે અને ઓછામાં ઓછા ખર્ચે વ્યકિત તથા મંડળી સભાસદોને તથા યુનિયનને યોગ્ય લાગે તો બિન સભાસદોને ખેતીનો તથા ઔદ્યોગિક માલ કમિશનથી વેચવો તેમજ તેમને સર્વેને જોઈતો ખેતીનો તથા ઘરવપરાશનો સારો માલ ઈન્ડેન્ટ પધ્ધતિથી અગર સ્ટોરો ખોલીને વ્યાજબી બજાર ભાવે પુરો પાડવો તથા સભાસદોને માલ વેચાતા સુધી માલની જામીનગીરી ઉપર નાણાં ધીરવા તથા સભાસદોને ઉંચી જાતના પાકના વાવેતર માટે ઉત્તેજન આપવુ અને બની શકે તો મંડળી તથા વ્યકિત સભાસદોને દરેક જાતના સારા બી, ખાતર તથા ખેતીને લગતા ઓજારો પુરા પાડવા તે જ રીતે પાક રક્ષક દવાઓ પૂરી પાડવી તેમજ તે પેદા કરવા પોતે અથવા પાક રક્ષક દવાઓનું લાયસન્સ ધરાવતી સહકારી સંસ્થાના સહયોગમાં ચાલુ કારખાનું ઉભુ કરવુ અને તે સારું જગ્યાઓ ખરીદવા અને જરૂરી મકાનો બાંધવા, સંઘે સભાસદોનો કપાસ એકઠો કરવો, પીલવા, તથા પીલાવી આપવો અને તેની ગાંસડી બાંધવી અગર બંધાવી આપવી અને તેને વેચી આપવાની વ્યવસ્થા કરવી. પીલાણ, પ્રેસીંગ ઉપરાંત ગ્રાહકોને ઉપયોગી કોઈપણ કામમાં સાંચા કામનો ઉપયોગ કરવો તથા સામાન્ય રીતે માલ ખરીદી, વેચાણ કે તેની વહેંચણીનું કામ કમિશનથી કરી આપવું અને તે માટે ટ્રાન્સપોર્ટના સાધનો જરૂર પડે વસાવવા તથા મંડળીને સરકાર તરફથી કંટ્રોલની જે જે ચીજો આપવામાં આવે તે સભાસદોને તેમજ બિન સભાસદોને વેચવી તથા જણાવેલ ઉદ્દેશો બર લાવવા બિન

સભાસદો સાથે પણ લેવડદેવડ કરવી તથા રાજય સરકારની સહકારી મંડળીઓ ધ્વારા ખેતી વિષયક પેદાશની સીધી ખરીદી યોજના વખતોવખત રાજય સરકાર તેમાં જે સુધારા વધારા કરે તે અનુસાર ખેતીના પાકની સીધી ખરીદીનું કામ કરવું, જરૂર જણાય તો ગ્રેડીંગ કરી વેચાણ કરવું તથા જનતાના આરોગ્યની દવાઓ વ્યાજબી ભાવે વેચાણ કરવા માટે સ્ટોરો ખોલવા તથા જુદી જુદી ખેત પેદાશોના રૂપાંતર માટે એકમો ઉભા કરી ચલાવવા રાખી સભ્યોને તેમની ખેત પેદાશોના વ્યાજબી ભાવો મળી રહે તેવો પ્રબંધ કરવો તથા ઓઈલ કંપનીઓની એજન્સી મેળવી અને તેના ઉત્પાદનોના વિતરણનું કામકાજ કરવું તે છે.

સંઘના ઉપરોકત ઉદ્દેશોને પાર પાડવા સારું કર્મચારીઓની ભરતી સંઘના નીતિ નિયમો મુજબ કરી રોજમદાર, હંગામી, અજમાયશી અને કાયમી ધોરણે કર્મચારીઓને નિમણુંક આપવામાં આવે છે. સંસ્થામાં કર્મચારીઓનું સ્ટાફ સેટઅપ નકકી થયેલુ છે અને તે મુજબ કર્મચારીઓ જે તે હોદ્દા ઉપર ફરજો બજાવે છે. તા.૧૯/૧૦/૦૬ ની સ્ટાફ કમિટીની મીટીંગના ઠરાવ નં. ૪ થી સંઘનું સ્ટાફ શીડયુલ મંજુર કરવાનો ઠરાવ કરવામાં આવેલો અને તે મુજબ સંઘમાં જરૂરિયાત મુજબના કર્મચારીઓ ફરજ બજાવે છે. સંસ્થાનું કામકાજ સરકારશ્રીના આદેશ અનુસાર ચાલે છે અને સરકારશ્રીના આદેશનું ઉલ્લંઘન સંસ્થા કરી શકતી નથી. તા. ૩૦/૧/૨૦૦૬ ના પત્ર ક્રમાંક: વહટ/૦૧/ક.સ.કા./૯૨/૦૬ થી રજીસ્ટ્રારશ્રી, ગાંધીનગરના આવેલ પ્રસ્તાવના આદેશ મુજબ સંઘનું નવીન સેટઅપ નકકી કરવા અને તે અંગે કેડર વાઈઝ લાયકાતના ધોરણો નકકી કરવા અને બઢતી કે સીધી બઢતી ધ્વારા નિમણુંક અંગેના ધોરણો અને નિયમો તા.૩૧/૬/૨૦૦૬ ની મેનેજીંગ કમીટીની મીટીંગના ઠરાવ નં. ૮ થી મંજુર કરવામાં આવેલા અને તે મુજબ સંસ્થાનું કર્મચારીઓનું સ્ટાફ સેટઅપ નકકી થયેલુ છે. સરકારશ્રીના આદેશ મુજબ સંસ્થાના નકકી થયેલા સેટઅપમાં કોઈપણ વધારો કરવાની સત્તા સંસ્થાને નથી અને આવો કોઈપણ વધારાનો સ્ટાફ સેટઅપ રાખવામાં આવેલો હોય તો તે સરકારશ્રીના આદેશોનું ઉલ્લંઘન કરતો છે. નામદાર એપેક્ષ કોર્ટ અને નામદાર વિવિધ હાઈકોર્ટો ધ્વારા આપવામાં આવેલ ચુકાદો અને પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ નકકી કરવામાં આવેલ સ્ટાફ સેટઅપથી વધારાની નિમણુંક થયેલ હોય તો આવી નિમણુંકો તે બેક ડોર એન્ટ્રી ગણાય અને આવી નિમણુંકો રદ્દ થવાને પાત્ર છે. ૨૦૧૦ થી સંઘના

ચેરમેનશ્રી અને મેનેજરશ્રી દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધર્યા સિવાય ૯૩ જેટલા કર્મચારીઓની રોજમદાર/ હંગામી કર્મચારીઓ તરીકે સીધે સીધી જુદા જુદા હોદ્દા ઉપર જુદી જુદી જગ્યાએ ભરતી કરવામાં આવેલી હતી. જે નિમણુંક સંઘના નિયમો વિરુધ્ધ અને યોગ્ય પ્રક્રિયા હાથ ધર્યા સિવાય કરવામાં આવેલી હોઈ એબઈનીશીયો વોઈડ છે. સંસ્થાની કામગીરીમાં ઉત્તરો ઉત્તર ઘટાડો થયેલો છે. સંસ્થાના કાયમી કર્મચારીઓ પણ કામનું ભારણ ઓછુ હોવાથી આઈડલ વેજીસ મેળવી રહેલા છે. ૨૦૧૦ બાદ ગેરકાયદેસર રોજમદાર/ હંગામી નિમણુંક પામેલા કર્મચારીઓને પગારનું ચુકવણું કરતાં માસિક રૂા. ૫,૮૪,૦૦૦/- અને વાર્ષિક રૂા.૭૦,૦૦,૦૦૦/- જેટલો નાણાંકીય બોજો બિનજરુરી પડે છે. સંઘમાં સ્ટાફ સેટઅપની કુલ ૧૨૭ જગ્યાઓ મંજુર થયેલી છે અને ૧૫૨ જેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પસાર કરેલ હુકમ અનુસારના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. સંઘના સ્ટાફ સેટઅપ કરતાં જે તે સમયના ચેરમેન/મેનેજરે ગેરકાયદેસર રીતે ૯૩ જેટલા રોજમદાર/ હંગામી કર્મચારીઓની આપેલી નિમણુંકના કારણે વધારાનો નાણાંકીય બોજો સંસ્થા સહન કરી શકે તેમ ન હતી તેઓની છટણી કરવી અનિવાર્ય થઈ પડેલ અને તેથી કાયદેસરની કાર્યવાહી કરી તેઓને છુટા કરવામાં આવેલા છે. બીજા પક્ષકાર છુટા થયા બાદ બેકાર રહેલ નથી પણ અન્ય જગ્યાએ સારી એવી કમાણી કરે છે તેથી રેફરન્સ રદ્દ કરવા જણાવેલ છે.

(૪) આ કામે બીજા પક્ષકારે આંક-૮ના લીસ્ટથી નિ.૮/૧ થી નિ.૮/૩ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

**આંક-૮**

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | તારીખ | અસલ / નકલ | આંક |
|---|---|---|---|---|
| ૧ | સંસ્થા દ્વારા આપવામાં આવેલ નિમણુંકપત્ર ની નકલ. | ૩૦/૪/૧૧ | નકલ | |
| ૨ | પી.એફ.ની સ્લીપની ઝેરોક્ષ સને. ૨૦૧૧-૧૨ | ૨૮/૬/૧૨ | નકલ | |
| ૩ | પી.એફ.ની સ્લીપની ઝેરોક્ષ | ૨૨/૧૦/૧૩ | નકલ | |

| | | | | |
|---|---|---|---|---|
| | સને. ૨૦૧૨–૧૩ | | | |

(૫) બીજા પક્ષકાર તરફે કોઈ પુરાવો રજુ ન થતાં આંક–૧૦ હેઠળ હુકમ કરી તેમનો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલો છે.

(૬) આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૯ ના લીસ્ટથી નિ. ૯/૧ થી નિ. ૯/૧૦ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

**આંક–૧૩**

| **ક્રમ** | **દસ્તાવેજનો પ્રકાર** | **તારીખ** | **અસલ / નકલ** | **આંક** |
|---|---|---|---|---|
| ૧ | સંસ્થાના તા.૩૧/૧૦/૧૪ ના રોજની સ્ટાફની વિગત. | – | નકલ | |
| ૨ | સંસ્થાની આવક અને કાર્યભંડોળ સહિતનો વહીવટી ખર્ચ તથા પગાર ખર્ચની વિગત સને. ૨૦૧૧–૧૨ થી ૨૦૧૩–૧૪ સુધીની. | – | નકલ | |
| ૩ | કામદારોની છટણી થવાથી માસિક તથા વાર્ષિક પગાર ખર્ચના ઘટાડાની વિગત. | – | નકલ | |
| ૪ | સંસ્થાના તા.૧૯/૧૦/૦૬ ની સ્ટાફ કમિટીની મીટીંગના ઠરાવ નં.૪ ની નકલ. | – | નકલ | |
| ૫ | રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગાંધીનગરના તા. ૩૦/૧/૦૬ ના પ્રસ્તાવનાની નકલ. | – | નકલ | |
| ૬ | સંસ્થાના તા.૩૧/૩/૦૬ ના મેનેજીંગ કમિટીના ઠરાવ નં.૮ની નકલ. | – | નકલ | |
| ૭ | સંસ્થાના મેનેજીંગ કમિટીના તા.૩૧/૩/૦૬ ના ઠરાવ નં. ૮ થી મંજુર કરવામાં આવેલ સ્ટાફ સેટઅપની માહિતી | – | નકલ | |

| | | | | |
|---|---|---|---|---|
| | દર્શાવતું સ્ટેટમેન્ટ. | | | |
| ૮ | સંસ્થાના સ્ટાફ સર્વિસ રૂલ્સની નકલ. | – | નકલ | |
| ૯ | બીજા પક્ષકારને નોકરીમાંથી છટણી કર્યા તે હુકમની નકલ. | – | નકલ | |
| ૧૦ | અનું.નં.૧૦ વાળો હુકમ બીજા પક્ષકારો મળ્યાની પાવતીની નકલ. | – | નકલ | |

(૭) પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૧ થી વિજયકુમાર જયંતિલાલ પટેલે એફિડેવીટ ઉપર જુબાની આપેલી છે. તેઓની ઉલટ તરીકે રેફરન્સ(એલ.સી.એચ.) નં. ૧૦૮/૧૫ માં સદર સાક્ષીની થયેલ ઉલટની નકલ આંક–૧૨ ની અરજી સાથે રજુ કરી ઉલટ ગણવા માટે દાદ માંગતી અરજી આપેલી છે. જેમાં પ્રથમ પક્ષકાર તરફે વાંધો નથી તેમ જણાવતાં અરજી મંજુર કરવામાં આવેલી છે.

આંક–૧૩ ની પુરસીસથી પ્રથમ પક્ષકારે તેઓના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૮) આ કામે બીજા પક્ષકાર તરફે કેસ હુકમ પર ગયા બાદ આંક–૧૪ની બોર્ડ ઉપર લેવાની અરજી રજુ કરી તેઓનો પુરાવો રી–ઓપન કરવા દાદ માંગતી અરજી આંક–૧૫ થી રજુ કરવામાં આવેલી છે. બીજા પક્ષકારે સદર અરજી સાથે તેઓના સાક્ષી નટવરલાલ પુરુષોત્તમદાસ પટેલની જુબાનીનું સોગંદનામું અને તેની ઉલટ તરીકે રેફરન્સ (એલ.સી.એચ.) નં. ૧૦૮/૧૫ માં થયેલ ઉલટને ગણવા જણાવતી બન્ને પક્ષકારોની સહીવાળી પુરસીસ આંક–૧૬ થી રજુ કરેલ છે.

બન્ને પક્ષકારોએ આંક–૧૮ની સંયુકત કલોઝીંગ પુરસીસથી તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૯) બીજા પક્ષકાર તરફે તેમના વિ. એડવોકેટશ્રી આર.કે. દેસાઈએ મૌખિક દલીલ કરેલી છે અને નીચે મુજબના ચુકાદાઓનો આધાર લીધેલ છે.

(૧) નામદાર સુપ્રિમ કોર્ટે અનૂપ શર્મા વિરુધ્ધ એકઝીકયુટીવ એન્જીનીયર પબ્લીક હેલ્થ ડીવીઝન નંબર:૧ પાણીપત(હરિયાણા) ના કેસમાં આપેલ ચુકાદો જે સિવિલ

અપીલ નંબર ૩૪૬૮/૨૦૧૦ માં તા. ૯/૪/૨૦૧૦ ના રોજ આપવામાં આવેલ છે તેની નકલ.

(૨) નામદાર દિલ્હી હાઈકોર્ટ રીટપીટીશન (સિવિલ નંબર ૨૨૫/૨૦૦૫) માં તા. ૮/૩/૧૮ ના રોજ ભારત સંચાર નિગમ લિમિટેડ વિરુધ્ધ શ્રીમતિ શશી કાન્તા રીષીના કેસમાં આપેલ ચુકાદો.

પ્રથમ પક્ષકાર તરફે તેમના વિ. એડવોકેટશ્રી પી.એફ.ઝવેરીએ રેફરન્સ (એલ.સી.એચ.) નં.૧૦૮/૧૫ માં કરેલ દલીલો આ કામે એડોપ્ટ કરેલી છે અને તે કેસમાં રજુ થયેલ નીચે મુજબના ચુકાદાનો આધારે તેમણે લીધેલો છે.

(૧) ૧૯૯૬ ફર્સ્ટ એલ.એલ.જે. પાન નંબર ૮૮૨ પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટે મેનેજમેન્ટ ઓફ નીલપુર ટી એસ્ટેટ વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ અને બીજાના કેસમાં આપેલ ચુકાદાની ઝેરોક્ષ રજુ કરેલી છે.

(૨) ૨૦૦૫ એલ.એલ.આર. ૨૭૫ પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટે કેન્દ્રીય વિદ્યાલય સંગઠન અને બીજા વિરુધ્ધ એસ.સી.શર્મા ના કેસમાં આપેલ ચુકાદો.

(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે.સી.એ. નં. ૪૨૮૩/૯૪ માં તા.૨૨/૩/૦૪ ના રોજ સી.એમ.સી.(ઈન્ડિયા) પ્રોપરાઈટરી વિરુધ્ધ શ્રી મતિ સવિતાબેન આત્મારામ સોલંકીના કેસમાં આપેલ ચુકાદો.

(૧૦) દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધું. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા::-**

(૧) શું બીજા પક્ષકાર સાબિત કરે છે કે તેઓની પ્રથમ પક્ષકારે તા. ૧૭/૧૧/૧૫ ના રોજ ગેરકાયદેસર છટણી કરેલ છે ?

(૨) શું બીજા પક્ષકારને નોકરીની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પડેલા દિવસોના પગાર સહિત પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ?

(૩) શું હુકમ?

(૧૧)ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) નકારમાં.
(૩) આખરી હુકમ મુજબ.

(૧૨)મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(એ) આ કામે બીજા પક્ષકારની રજુઆત એવી છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૫/૦૧/૨૦૧૧ના રોજથી કાયમી કામદાર તરીકે જોડાયેલા અને સંસ્થાએ તેઓને તા.૧૭/૧૧/૨૦૧૫ ના રોજ મૌખિક હુકમથી એકાએક છુટા કરી દીધેલ છે. તેઓ માસિક રૂા.૫,૨૭૦/–ના પગારથી પટાવાળાના હોદ્દા ઉપર છેલ્લા ૩ વર્ષ ૧૦ મહિનાથી કાયમી કામદાર તરીકે રોજના ૮–૦૦ કલાકથી વધુ, પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હતા. તેઓને સંસ્થા ધ્વારા કયારેય કામ બાબતે ઠપકો આપવામાં આવેલ નહિ અને તેમની ફરજો બાબતે કામગીરી અંગે કયારેય મતભેદ ઉપસ્થિત થવા પામેલો નહિ. તેઓનો નોકરીનો રેકર્ડ તદ્દન ચોખ્ખો કલીન અને ડાઘરહિત છે. તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થા અઠવાડિક રજા, જાહેર તહેવારની રજા અન્ય કોઈપણ જાતની રજાનો લાભ આપ્યા સિવાય મહિનાના પુરેપુરા દિવસ સળંગ અને સતત કામગીરી કરાવતી હતી અને વધારાના સમયનો કોઈ ઓવર ટાઈમ પગાર તેમને ચુકવવામાં આવેલો નથી. તેઓએ દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી બજાવેલી છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમનું જાણી જોઈને શોષણ કરી ગરીબી અને મજબુરીનો લાભ ઉઠાવી કોરા પગાર બિલો, કોરા કાગળો ઉપર અગાઉથી સહી કરાવી માસિક રૂા.૫,૨૭૦/– વેતન આપતા હતા. પ્રથમ પક્ષકારે તેઓને તેમના કોઈપણ જાતના વાંક ગુના વિના અને લેખિતમાં જાણ કર્યા સિવાય મૌખિક હુકમથી તા. ૧૭/૧૧/૧૫ થી નોટિસ કે નોટિસ પગાર તેમજ બચાવની તક આપ્યા સિવાય આઈ.ડી. એકટની જોગવાઈ વિરુધ્ધ છુટા કરી દીધેલા છે. છુટા કર્યા પછી પણ તેઓ વારંવાર સંસ્થામાં નોકરી માટે જતા હતા અને પુન:સ્થાપિત કરવા માટે લેખિતમાં જાણ કરેલી પણ પ્રથમ પક્ષકારે હમણાં માણસોની જરૂર નથી, જરૂર પડયેથી મુળ

જગ્યાએ પરત લઈ પુન:સ્થાપિત કરીશુ તેવુ આશ્વાસન આપેલ હતું. જેથી નાછુટકે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ તા.૧૦/૧૨/૧૪ ના રોજ પુન:સ્થાપિત થવા બાબતે ફરિયાદ તેમણે દાખલ કરેલી અને ત્યાં પણ પ્રથમ પક્ષકારનો સહકાર ન મળતાં સદર રેફરન્સ કરવામાં આવેલો છે. પ્રથમ પક્ષકારે તેઓને આઈ.ડી. એકટની કલમ–૨૫(એફ) અને ૨૫(જી) નો ભંગ કરી છુટા કરેલ હોઈ પ્રથમ પક્ષકારનું પગલું રદ કરી નોકરીની મુળ જગ્યાએ સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પૂરેપૂરા પગાર સાથે પુન:સ્થાપિત કરવા હુકમ કરવા જણાવેલુ છે.

પ્રથમ પક્ષકારનો બચાવ એવો છે કે, બીજા પક્ષકારને આવા પ્રકારનો વિવાદ ઉપસ્થિત કરવા માટે કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી અને તેથી કોઝ ઓફ એકશનના અભાવે રેફરન્સ રદ થવા પાત્ર છે. બીજા પક્ષકારે છુટા કરવાની જે તારીખ જણાવેલ છે તે તારીખે પ્રથમ પક્ષકારે તેમને છુટા કરેલા ન હોઈ બીજા પક્ષકારે વિવાદનું કારણ જે તારીખે ઉપસ્થિત થયાની રજુઆત કરેલ છે તે તારીખે વિવાદનું કોઈ કારણ જ ઉપસ્થિત થયેલુ ન હોઈ વિવાદ રદ થવા પાત્ર છે. પ્રથમ પક્ષકાર સંઘ તે કો.ઓપરેટીવ સોસાયટી એકટ અન્વયે નોંધાયેલી મંડળી છે અને સંસ્થામાં કામ કરતા કામદારો/ કર્મચારીઓની નોકરીના ભરતીના નિયમો તથા બઢતીના નિયમો બનાવેલા છે જેને કાયદાનું સ્વરૂપ પ્રાપ્ત થયેલુ છે. બીજા પક્ષકારની ભરતી આ નિયમો વિરુધ્ધ જઈને સંસ્થાના સેટઅપ બહારની થયેલી હોઈ પહેલેથી જ એબઈનીશીયો વોઈડ હોઈ રેફરન્સ આ મુદ્દે રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારની પ્રથમ પક્ષકારે કાયદેસરની કાર્યવાહી કરી નોકરીમાંથી છટણી કરેલી છે અને છટણી કરતા સમયે બીજા પક્ષકારને છટણીનો હુકમ તથા કાયદેસરના મળવાપાત્ર રકમનો ચેક પણ મોકલી આપેલો છે. પ્રથમ પક્ષકાર સંસ્થાના મુખ્ય ઉદ્દેશોમાં બની શકે તેટલા ઉંચા ભાવે અને ઓછામાં ઓછા ખર્ચે વ્યકિત તથા મંડળી સભાસદોને તથા યુનિયનને યોગ્ય લાગે તો બિન સભાસદોને ખેતીનો તથા ઔદ્યોગિક માલ કમિશનથી વેચવો તેમજ તેમને સર્વેને જોઈતો ખેતીનો તથા ઘરવપરાશનો સારો માલ ઈન્ડેન્ટ પધ્ધતિથી અગર સ્ટોરો ખોલીને વ્યાજબી બજાર ભાવે પુરો પાડવો તથા સભાસદોને માલ

વેચાતા સુધી માલની જામીનગીરી ઉપર નાણાં ધીરવા તથા સભાસદોને ઉંચી જાતના પાકના વાવેતર માટે ઉત્તેજન આપવુ અને બની શકે તો મંડળી તથા વ્યકિત સભાસદોને દરેક જાતના સારા બી, ખાતર તથા ખેતીને લગતા ઓજારો પુરા પાડવા તે જ રીતે પાક રક્ષક દવાઓ પૂરી પાડવી તેમજ તે પેદા કરવા પોતે અથવા પાક રક્ષક દવાઓનું લાયસન્સ ધરાવતી સહકારી સંસ્થાના સહયોગમાં ચાલુ કારખાનું ઉભુ કરવુ અને તે સારું જગ્યાઓ ખરીદવા અને જરૂરી મકાનો બાંધવા, સંઘે સભાસદોનો કપાસ એકઠો કરવો, પીલવા, તથા પીલાવી આપવો અને તેની ગાંસડી બાંધવી અગર બંધાવી આપવી અને તેને વેચી આપવાની વ્યવસ્થા કરવી. પીલાણ, પ્રેસીંગ ઉપરાંત ગ્રાહકોને ઉપયોગી કોઈપણ કામમાં સાંચા કામનો ઉપયોગ કરવો તથા સામાન્ય રીતે માલ ખરીદી, વેચાણ કે તેની વહેંચણીનું કામ કમિશનથી કરી આપવું અને તે માટે ટ્રાન્સપોર્ટના સાધનો જરૂર પડે વસાવવા તથા મંડળીને સરકાર તરફથી કંટ્રોલની જે જે ચીજો આપવામાં આવે તે સભાસદોને તેમજ બિન સભાસદોને વેચવી તથા જણાવેલ ઉદ્દેશો બર લાવવા બિન સભાસદો સાથે પણ લેવડદેવડ કરવી તથા રાજય સરકારની સહકારી મંડળીઓ ધ્વારા ખેતી વિષયક પેદાશની સીધી ખરીદી યોજના વખતોવખત રાજય સરકાર તેમાં જે સુધારા વધારા કરે તે અનુસાર ખેતીના પાકની સીધી ખરીદીનું કામ કરવું, જરૂર જણાય તો ગ્રેડીંગ કરી વેચાણ કરવું તથા જનતાના આરોગ્યની દવાઓ વ્યાજબી ભાવે વેચાણ કરવા માટે સ્ટોરો ખોલવા તથા જુદી જુદી ખેત પેદાશોના રૂપાંતર માટે એકમો ઉભા કરી ચલાવવા રાખી સભ્યોને તેમની ખેત પેદાશોના વ્યાજબી ભાવો મળી રહે તેવો પ્રબંધ કરવો તથા ઓઈલ કંપનીઓની એજન્સી મેળવી અને તેના ઉત્પાદનોના વિતરણનું કામકાજ કરવું તે છે.

સંઘના ઉપરોકત ઉદ્દેશોને પાર પાડવા સારું કર્મચારીઓની ભરતી સંઘના નીતિ નિયમો મુજબ કરી રોજમદાર, હંગામી, અજમાયશી અને કાયમી ધોરણે કર્મચારીઓને નિમણુંક આપવામાં આવે છે. સંસ્થામાં કર્મચારીઓનું સ્ટાફ સેટઅપ નકકી થયેલુ છે અને તે મુજબ કર્મચારીઓ જે તે હોદ્દા ઉપર ફરજો બજાવે છે. તા.૧૯/૧૦/૦૬ ની સ્ટાફ કમિટીની મીટીંગના ઠરાવ નં.૪ થી સંઘનું સ્ટાફ શીડયુલ મંજુર કરવાનો ઠરાવ કરવામાં આવેલો

અને તે મુજબ સંઘમાં જરૂરિયાત મુજબના કર્મચારીઓ ફરજ બજાવે છે. સંસ્થાનું કામકાજ સરકારશ્રીના આદેશ અનુસાર ચાલે છે અને સરકારશ્રીના આદેશનું ઉલ્લંઘન સંસ્થા કરી શકતી નથી. તા. ૩૦/૧/૨૦૦૬ ના પત્ર ક્રમાંક: વહટ/૦૧/ક.સ.કા./૯૨/૦૬ થી રજીસ્ટ્રાર શ્રી, ગાંધીનગરના આવેલ પ્રસ્તાવના આદેશ મુજબ સંઘનું નવીન સેટઅપ નકકી કરવા અને તે અંગે કેડર વાઈઝ લાયકાતના ધોરણો નકકી કરવા અને બઢતી કે સીધી બઢતી ઘ્વારા નિમણુંક અંગેના ધોરણો અને નિયમો તા.૩૧/૬/૨૦૦૬ ની મેનેજીંગ કમીટીની મીટીંગના ઠરાવ નં. ૮ થી મંજુર કરવામાં આવેલા અને તે મુજબ સંસ્થાનું કર્મચારીઓનું સ્ટાફ સેટઅપ નકકી થયેલુ છે. સરકારશ્રીના આદેશ મુજબ સંસ્થાના નકકી થયેલા સેટઅપમાં કોઈપણ વધારો કરવાની સત્તા સંસ્થાને નથી અને આવો કોઈપણ વધારાનો સ્ટાફ સેટઅપ રાખવામાં આવેલો હોય તો તે સરકારશ્રીના આદેશોનું ઉલ્લંઘન કરતો છે. નામદાર એપેક્ષ કોર્ટ અને નામદાર વિવિધ હાઈકોર્ટો ઘ્વારા આપવામાં આવેલ ચુકાદો અને પ્રસ્થાપિત થયેલા સિઘ્ધાંતો મુજબ નકકી કરવામાં આવેલ સ્ટાફ સેટઅપથી વધારાની નિમણુંક થયેલ હોય તો આવી નિમણુંકો તે બેક ડોર એન્ટ્રી ગણાય અને આવી નિમણુંકો રદૃ થવાને પાત્ર છે. ૨૦૧૦ થી સંઘના ચેરમેનશ્રી અને મેનેજરશ્રી ઘ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધર્યા સિવાય ૯૩ જેટલા કર્મચારીઓની રોજમદાર/ હંગામી કર્મચારીઓ તરીકે સીધે સીધી જુદા જુદા હોદ્દા ઉપર જુદી જુદી જગ્યાએ ભરતી કરવામાં આવેલી હતી. જે નિમણુંક સંઘના નિયમો વિરુઘ્ધ અને યોગ્ય પ્રક્રિયા હાથ ધર્યા સિવાય કરવામાં આવેલી હોઈ એબઈનીશીયો વોઈડ છે. સંસ્થાની કામગીરીમાં ઉત્તરો ઉત્તર ઘટાડો થયેલો છે. સંસ્થાના કાયમી કર્મચારીઓ પણ કામનું ભારણ ઓછુ હોવાથી આઈડલ વેજીસ મેળવી રહેલા છે. ૨૦૧૦ બાદ ગેરકાયદેસર રોજમદાર/ હંગામી નિમણુંક પામેલા કર્મચારીઓને પગારનું ચુકવણું કરતાં માસિક રૂા. ૫,૮૪,૦૦૦/- અને વાર્ષિક રૂા.૭૦,૦૦,૦૦૦/- જેટલો નાણાંકીય બોજો બિનજરુરી પડે છે. સંઘમાં સ્ટાફ સેટઅપની કુલ ૧૨૭ જગ્યાઓ મંજુર થયેલી છે અને ૧૫૨ જેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પસાર કરેલ હુકમ અનુસારના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. સંઘના સ્ટાફ સેટઅપ કરતાં જે તે સમયના ચેરમેન/મેનેજરે ગેરકાયદેસર રીતે ૯૩

જેટલા રોજમદાર/ હંગામી કર્મચારીઓની આપેલી નિમણુંકના કારણે વધારાનો નાણાંકીય બોજો સંસ્થા સહન કરી શકે તેમ ન હતી તેઓની છટણી કરવી અનિવાર્ય થઈ પડેલ અને તેથી કાયદેસરની કાર્યવાહી કરી તેઓને છુટા કરવામાં આવેલા છે. બીજા પક્ષકાર છુટા થયા બાદ બેકાર રહેલ નથી પણ અન્ય જગ્યાએ સારી એવી કમાણી કરે છે તેથી રેફરન્સ રદ્દ કરવા જણાવેલ છે.

(બી) પક્ષકારોની ઉપરોકત રજુઆત ધ્યાને રાખી રેકર્ડ જોતાં બીજા પક્ષકારે આ કામે હાજર રહી તેઓને પ્રથમ પક્ષકારે તા.૧૭/૧૧/૧૫ ના રોજથી મૌખિક હુકમથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરેલ છે તેવુ પુરવાર કરવા કોઈ જ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જેથી તા. ૧૭/૧૧/૧૫ ના રોજ બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છુટા કરેલ તેવું સાબિત થતુ ન હોઈ બીજા પક્ષકાર માંગ્યા મુજબની કોઈ દાદ પ્રથમ પક્ષકાર વિરુધ્ધ મેળવવા હકકદાર થતા નથી. જેથી મુદ્દા નંબર:૧ અને ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. બીજા પક્ષકારે મદદનીશ શ્રમ આયુકત સમક્ષની ફરિયાદમાં છુટા કર્યાની તા. ૭/૧૧/૧૪ જણાવેલ છે તે તારીખે છુટા કરેલ છે તેવો પણ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જેથી તા. ૭/૧૧/૧૪ કે તા. ૧૭/૧૧/૧૫ ના રોજ છુટા કરેલાનું પૂરવાર થતુ નથી.

(૧૩) જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આથી બીજા પક્ષકારનો રેફરન્સ પુરાવાના અભાવે રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ : ૦૨ /૦૭/૨૦૧૯**
**હિંમતનગર**
**P.T.Prajapati**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત, હિંમતનગર**